## મોડાસા-બાયડ-ધનસુરા-કપડવંજ હાઈવેના ચક્કાજામ ટ્રાફીકથી વાહનચાલકો ત્રાસ્યા

### દરરોજ ૨૧ હજારથી વધુ વાહનોની અવર જવર, બાયડથી મોડાસા જવું હોય તો સવા કલાક





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
કોરોનાના કેસ વધ્યા તેમ અરવલ્લી જિલ્લાની પ્રજાની ધોરીનસ ગણાતાં મોડાસા-બાયડ-ધનસુરા-કપડવંજ હાઈવેના ચક્કાજામ ટ્રાફિકથી વાહન ચાલકો ત્રાસ્યા છે. મોટા ઓવરલોડ વાહનોને મોડાસા-માલપુર-ગોધરા માર્ગે ડાયવર્ટ કરી ટ્રાફિક સમસ્યા હક્વી કરવાની રજુઆતો જિલ્લા બહુમાફ્રી ભવનમાં ધૂફ્ર ખાઈ રહી છે. છેલ્લા બે મહિનામાં વ્યાપક છૂટછાટ પછી સ્ટેટ હાઈવે પર ટ્રાફિકનો પ્રશ્ન અકફ્રાવનારો બન્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા આણંદથી મોડાસા સુધીના માર્ગને નેશનલ હાઈવેમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો છે પરંતુ તેનો અમલ ક્યારે થશે તે કહેવું કઠિન છે.

હાડકાં તોડનારા રોડ તરીકે દોઢ દાયકા અગાઉ પંકાયેલા બાયડ-ધનસુરા-મોડાસા-કપડવંજ-નડીયાદના ૧૦૮ કી.મી. પસાર થવું હોય તો અનેક વાહનો ભંગાર રોડના કારણે ખોટકાઈ પડતાં હતા. પરંતુ રાજ્યની ભાજપ સરકારો સદર હાઈવેની ઉપયોગીતાને ધ્યાને રાખી ખાનગી કંપનીને રોડ નિર્માણ કામ માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો જેમાં રોડ તૈયાર થયા પછી દર વર્ષે ૨૦ ટકા રકમ ૧૨ વર્ષ સુધી આપવાનો કરાર થયેલો છે. રસ્તાના નિર્માણ માટે ખાનગી કંપનીએ રૂા.૨૪૫ કરોડનું રોકાણ કર્યું હતું. પરંતુ હવે રસ્તો સુવિધાજનક બન્યા પછી અનેક નાના-મોટા વાહનચાલકો સ્ટેટ હાઈવેનો ઉપયોગ કરે છે જેના કારણે વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારો મોટા વાહનોના કારણે સવાર-સાંજ ઠેર-ઠેર ટ્રાફિક જામના એટલીહદે ટ્રાફિક વધી ગયું છે કે ધનસુરા-બાયડ-ડેમાઈ-વાત્રકમાં રસ્તો ઓફંગવો હોય તો પણ ૨ થી ૪ મિનિટ સુધી થોંભવું પડે. સતત દશ્યો સર્જાય છે. જેના કારણે દર્દીઓને સમયસર હોસ્પિટલમાં પહોંચાડવા મુશ્કેલ થઈ રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં મોડાસા-બાયડ-નડિયાદ હાઈવેનો ટ્રાફિક પ્રશ્ન મુખ્ય મુદ્દો બની શકે છે.

### દાયકાઓ પછી ફોરલેન હાઈવેની માંગ સંતોષાઈ

રાજ્યના અગાઉના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નડિયાદ-મોડાસા હાઈવે ઉપર ટ્રાફિકની સમસ્યા ધ્યાને લઈ ફોરલેન હાઈવે બનાવાની જાહેરાત કરી પરંતુ કોઈપણ કારણોસર ફોરલેન હાઈવે પ્રોજેક્ટ અધ્ધરતાલ રહ્યો પરંતુ ગત વર્ષના અંતમાં નેશનલ હાઈવે-૪૮માં સમાવેશ કરાતા આગામી ૨-૩ વર્ષમાં નેશનલ હાઈવેનું સપનું સાકાર થશે પરંતુ અત્યારે વકરેલી ટ્રાફિક સમસ્યામાંથી પ્રજા અને વાહન ચાલકોને કેવી રીતે ઉગારવા તે યક્ષ પ્રશ્ન છે.

**ચૂંટણી આવી, સરકારી બાબુઓને તપાસમાં ૧ મહિનાની રાહત**

## જિલ્લાના સરકારી બાબુઓની તપાસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે ખોરંભે

### તાલુકા પંચાયત, મામલતદાર કચેરીના અનેક કર્મચારીઓ સામે તપાસ ચાલી રહી છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં તાલુકા પંચાયત, મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ કામ લાગ્યો છે. જિલ્લા બહુમાળી ભવનની તમામ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓને ચૂંટણીની કામગીરમાં સામેલ કરવામાં આવ્યા છે એક રીતે જેમના સામે તપાસ ચાલી રહી છે તેવા સરકારી બાબુઓ માટે ચૂંટણી એક મહિના માટે રાહત સમાન બની છે. તાલુકા પંચાયત, મામલતદાર કચેરીના અનેક કર્મચારીઓ સામે ખાતાકીય તેમજ અન્ય તપાસ હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં ભલે એ.સી.બી. ભ્રષ્ટાચારીઓને શોધવામાં નિષ્ફળ જતી હોય પરંતુ જાગ્રત નાગરિકો સરકારી કચેરીઓમાં ટેબલે ટેબલે ચાલતા ભ્રષ્ટાચારને યેનકેન પ્રકારે ઉજાગર કરતા આવ્યા છે. જિલ્લામાં એકપણ વિભાગ એવો નહીં હોય કે તેની સામે ગંભીર આક્ષેપની ફરિયાદ ન હોય. બાયડ તાલુકા પંચાયતમાં તપાસ માટેની ફાઈલ જ મિ.ઈન્ડીયા બની ગયાની લોકવાયકાએ તહલકો મચાવ્યો છે. તે જ રીતે અન્ય તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપ પછી સરકારના વિવિધ વિભાગોએ તપાસના આદેશ આપ્યા હતા. તે તપાસમાં કેટલાક કર્મચારીઓ સામે ગાળીયો મજબૂત બન્યો છે. કેટલાક કિસ્સાઓમાં રાજકીય પક્ષોના આગેવાનોએ બેઠક જીતી આપવાના બદલામાં તપાસ ઢીલી કરવા સુધીના વચનો આપવામાં કોઈ કચાસ રાખી નથી. કેટલાક ભ્રષ્ટ કર્મીઓ તપાસનો કોરડો ગળે વિંટળાય તેમ હોવાથી કહેવાતા કેટલાક આગેવાનોને આર્થિક મદદના વચન આપી ઘરે આંટાફેરા શરૂ કર્યાની ચર્ચામાં દમ છે ખરો..??

## મોડાસામાં એમ્બ્યુલન્સ સેવા માટે રૂા.૪.૫૧ લાખનું દાન

મોડાસા, તા.૦૯
મોડાસામાં ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ્બ્યુલન્સ સેવા માટે દાતા જનાબ હાજી યુસુફભાઈ એ. મેઘરેજી તરફથી રૂા.૪,૫૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. તા.૮ના રોજ દાતાના હસ્તે એમ્બ્યુલન્સ નામકરણ પેટે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો જેમાં ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ મોડાસાના હોદ્દેદારો ઉપરાંત પટણી સુન્ની કોમ બાવાહીર મોડાસા જમાતના પ્રમુખ જનાબ હાજી મંજુરહુસેન દાદુ, ટ્રસ્ટના પ્રમુખ સલીમભાઈ મેઘરેજી, બાંધકામ કમીટીના ચેરમેન હાફીઝ રઈસ અહેમદ સફરી, ટ્રસ્ટ સભ્ય ગુલમહૂસેન બારીવાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મેઘરેજી પરિવાર તરફથી ૫ વર્ષ અગાઉ એમ્બ્યુલન્સનું નામકરણ કરી દાન આપવામાં આવ્યા પછી જાહેર જનતા તેનો વધુ લાભ લે તે માટે એમ્બ્યુલન્સ સેવાના વિસ્તૃતિકરણ માટે વધારાનું દાન આપવામાં આવ્યું છે.



## ઉત્તર ગુજરાતમાં ૧૦૦ ટકા પ્રેક્ષકોની પરવાનગી છતાં સિનેમાગૃહો સૂમસામ

### થિયેટરો કરતા ચુંટણી ફોર્મ ખરીદવા સ્થળે વધુ ભીડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
કોરોનાના કપરાં કાળમાં જીડીપી દર સતત ઘટી રહ્યો છે. ધંધા-રોજગારોને નફામાં ખોટ વેઠવાનો વારો આવ્યો છે ત્યારે અનલોક બાદ માંડ સ્થિતિ થાળે પડી છે. ઉત્તર ગુજરાતમાં ૧૦૦ ટકા પ્રેક્ષકોની પરવાનગી સિનેમાગૃહોને આપવામાં આવી હોવા છતાં ૫ જિલ્લાઓમાં આવેલા ૭૦થી વધુ સિનેમાગૃહો સૂમસામ ભાસી રહ્યા છે. લોકડાઉનમાં સિનેમાગૃહોના સંચાલકોએ કરોડો રૂપિયાનો ફટકો સહન કર્યો છે. સરકારે ભલે હાલ છુટ આપી હોય પરંતુ સંચાલકોને સિનેમા જોવા માટે પ્રેક્ષકો શોધવા જવા પડે તેવી સ્થિતિ છે. અત્યારે થિયેટરો કરતાં ચુંટણી ફોર્મ ખરીદવા સ્થળે વધુ ભીડ ડોકાય છે.

વૈશ્વિક મહામારીના કારણે અનેક ધંધા-રોજગારોનો મૃત્યુઘંટ વાગ્યો છે. સરકારે કેટલાક ઉદ્યોગોને બચાવવા માટે રાહત પેકેજ જાહેર કર્યું પરંતુ સિનેમાગૃહોને ધમધમતાં કરવા માટે ખાસ સહાય જાહેર કરી નથી પરંતુ કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી સિનેમાગૃહોના સંચાલકોને ૧૦૦ ટકા પ્રેક્ષકોની પરવાનગી સાથે સિનેમાના શો શરૂ કરવા માટે છુટ આપી છે. પરંતુ સિનેમાગૃહોમાં પ્રેક્ષકોની પાંખી હાજરીના કારણે લાઈટબીલ તેમજ મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહમાં કામ કરતા કામદારોનો પગાર સરભર કરવો પણ મુશ્કેલ બની ગયો છે. કોરોનાના ડરના કારણે એક જ સ્થળે મોટી સંખ્યામાં એકત્ર થવાનું લોકો ખુદ ટાળી રહ્યા હોવાથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના મલ્ટીપ્લેક્ષ થિયેટરોની મોટાભાગની ખુરશીઓ ખાલીખમ રહેતી હોય છે. નવ માસથી વધુ સમય માટે થિયેટરો બંધ રહેવાના કારણે સંચાલકોને કરોડોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સરકારે છુટ આપ્યા પછી મોટાભાગના વિસ્તારોમાં મલ્ટીપ્લેક્ષ થિયેટરો સંપૂર્ણ પણે શરૂ થઈ ગયા હોવા છતાં પ્રેક્ષકોની ઓછી હાજરી હોવાના કારણે સિનેમાગૃહોને હજુ પણ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. નવી ફિલ્મની અસરના કારણે પણ પ્રેક્ષકોની ઓછી હાજરી ઉડીને આંખે વળગે છે.

**દંડ ભરવામાં ગોલમાલ**

## મોડાસા તાલુકાના ગ્રાહકોને વીજ કંપની દંડ ભર્યાની પાવતી ન આપતી હોવાની બૂમ

### ગામડાંના ગ્રાહકોને પાવતી અંગે ગોળ-ગોળ જવાબ ફરીયાદ બાદ મામલો થાળે પડ્યાની ચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
મોડાસા યુજીવીસીએલ કચેરીમાં કેશિયર દ્વારા ગામડામાંથી કોઈપણ કારણોસર બંધ કારયેલા વીજ કનેક્શન શરૂ કરવા દંડ લેવામાં આવે છે પરંતુ કેટલાંક ગ્રાહકોને દંડ ભર્યાની પાવતી ન અપાતાં મીટર કૌભાંડ જેવું મોટું કૌભાંડ આચર્યાની આશંકા સેવાય છે. ચતુર ગ્રાહક દંડ ભર્યાની પાવતી માંગે ત્યારે કેશિયર દ્વારા ગોળ-ગોળ જવાબ આપવામાં આવે છે. મોડાસામાં વીજતંત્રના અધિકારીઓની છબી ખરડાઈ છે ત્યારે પાવતી પ્રકરણમાં ઉચ્ચ કક્ષાએથી તપાસ થશે ખરી કે મામલો પાછલા બારણે દબાવી દેવાશે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ કોઈનેકોઈ બહાને ગ્રાહકોને હેરાન કરવાની તક ચુકતા ન હોવાની સર્વમાન્ય ફરીયાદ છે. મોડાસા વીજતંત્રમાં અગ્રતાક્રમ ધરાવતાં ખેડૂતોને કનેકશન આપવાને બદલે અધિકારીઓએ અન્ય ખેડૂતોને રાતો-રાત ખીસાં ભરી વીજ કનેક્શન આપ્યાની લોક ફરીયાદ ચર્ચામાં છે. હવે મોડાસા ગ્રામ્ય વીજ કચેરીમાં ગામડાંઓમાં જે ગ્રાહકોએ વીજળીનું બીલ ભર્યું ન હોય તેમના બંધ કરાયેલા કનેક્શનો ફરીથી રાબેતા મુજબ કરવા બીલની રકમ અને દંડ ભરવા માટે આવતા હોય છે. તેમાંથી મોટાભાગનાં ગ્રાહકોને ફરજ પરના કેશિયર દંડ ભર્યાની પાવતી આપતા ન હોવાની ગંભીર ફરીયાદ છે. મોડાસા તાલુકાના નવા દાવલી વિસ્તારના ખેડૂતોએ આ અંગે મોડાસા સ્થિત યુજીવીસીએલના અધિકારીઓનું મૌખિક ધ્યાન દોર્યું છે તેમ છતાં પાવતી ન આપવા અંગેની વધુ તપાસ કરવાને બદલે નાયબ ઈજનેર દ્વારા ફરીયાદ કરનાર સાથે મામલો સુલઝાવી દેવામાં આવ્યો છે. મોડાસાની વીજકચેરીમાં આ પ્રકારની અનેક ફરીયાદો ગ્રામ્ય વિસ્તારમાંથી બહાર આવી છે ત્યારે વીજતંત્ર દ્વારા ઉંડી તપાસ થાય તો દંડ ભર્યો હોવા છતાં પાવની ન આપી આચરવામાં આવેલા કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે. વીજતંત્રની કચેરીમાં ગ્રાહકો પાસેથી દંડ સ્વીકારી આર્થિક ગોલમાલ થઈ તો નહિ હોય ને ? તેની તપાસ જરૂરી છે.

### અધિકારીની કમાલ તો જુઓ, કહે છે આ મુદ્દે સમાધાન થયું છે

મોડાસા ગ્રામ્ય યુજીવીસીએલના નાયબ ઈજનેર એમ.ડી.અહારીનો ટેલિફોનીક સંપર્ક કરતાં ગામડાંના ગ્રાહકોને દંડ ભર્યાની પાવતી કેશિયર દ્વારા આપવામાં ન આવી હોવાની મૌખિક ફરિયાદ મળી હતી જેમાં ગ્રાહક અને કેશિયર વચ્ચે સમાધાન થઈ ગયું છે.

## ધો.૫ થી ૮ ના વર્ગો શરૂ કરવાની ગમે ત્યારે સૂચના મળી શકે છે

### સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચૂંટણીનાં નગારાં વાગતાંની સાથે પ્રા.શિક્ષકોને શાળામાં ફરજીયાત હાજરીના આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
કોરોનાના કારણે સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓની હાજરી વગર શાળાઓમાં ૫૦ ટકા સ્ટાફથી કામગીરી ચાલતી હતી પરંતુ વિભાગ દ્વારા પ્રા.શિક્ષકોને શાળાના સ્ટાફ સાથે ૧૦૦ ટકા હાજરી આપવા આદેશ થતાં પ્રા.શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળ્યો પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૪૨૮ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ વગર આખો દિવસ કેવી રીતે પસાર કરવો..?? તે બાબત શિક્ષકોને અકળાવી રહી છે. ધો.૫ થી ૮ ના વર્ગો ગમે તે ઘડીએ શરૂ કરવાના આદેશ મળે તેવા સંકેત પણ મળી રહ્યા છે.

સરકાર દ્વારા કોરોનાનું સંક્રમણ વધતાં કોવિડ-૧૯ ગાઈડલાઈનનો શૈક્ષણિક સંસ્થાઓમાં ચૂસ્તપણે અમલ થયો. અત્યારે ભલે કોરોના કેસ સિમિત હોય તેવા આરોગ્ય વિભાગ દાવા કરે પરંતુ ખાનગી આંકડાના કારણે ક્યારેક ચિંતા ઉપજે છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાના ૧૦ મહિના પછી પણ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ કાર્ય શરૂ થઈ શક્યું નથી. વિભાગે કોઈને પણ માસ પ્રમોશન નહીં મળે તેવો નિર્ણય જાહેર કર્યો છે. આ બધા સંજોગોમાં હવે ગમે તે ઘડીએ હાઈસ્કુલો પછી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ કાર્ય શરૂ કરવાની વિભાગે તૈયારી કરી છે. જેમાં ગત રોજ પ્રાથમિક શાળાના શિક્ષકોને ફરજીયાત હાજરી આપવા વિભાગના વડા દ્વારા આદેશ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાઓનો સમય સવારના બદલે પૂર્ણ સમયનો કરવાનો અને વિદ્યાર્થીઓને શાળામાં નહીં બોલાવવાની પણ તાકીદ કરી છે. સંભવ છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે મોટી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન મથકે જશે. ત્યારે સ્વાભાવિક જ સરકારી પ્રા.શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ ન થાય તો એક મુદ્દો મળે અને વિપક્ષ તાનમાં આવી જાય તે પૂર્વે વિભાગે તમામ પ્રા.શિક્ષકોને શાળામાં ફરજીયાત હાજરી આપવાનો આદેશ આપ્યો છે. પ્રા.શિક્ષકોને ચૂંટણીલક્ષી તાલીમના ઓર્ડર મળ્યા છે અને બીજી તરફ શાળામાં ૧૦૦ ટકા હાજરીના આદેશ થતાં ચૂંટણીનાં નગારાં વાગતાં પ્રા.શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીમાં જ ગોઠવાયા છે.

**સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ**

## જિલ્લામાં જીતેલા-હારેલા ઉમેદવારોએ આ કામ તે કામ મેં.. કરાવ્યુંના રવાડે ચઢ્યા

### સારા કામ કર્યા છે તો ઢોલ પીટવાની ક્યાં જરૂર છે, પ્રજા બધાને ઓળખે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતની ૬૬ બેઠક અને ૧૪ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાવવાની છે ત્યારે જીતેલા, હારેલા વિધાનસભા બેઠકના ઉમેદવારોએ કામ મેં કર્યું..કામ મેં કર્યું..ના ઢોલ પીટી સોશ્યલ મીડીયાનો સહારો લઈ રહ્યા છે. સારા કામ કર્યા તો પછી ઢોલ પીટવાની ક્યાં જરૂર છે. પ્રજા બધાને ઓળખે છે કેટલાકે તો સસ્તી પ્રસિદ્ધિ માટે કામો માટે લખેલ પત્રને પણ વાયરલ કરીને જાણે કે પોતાની ઘરની તિજોરીમાંથી પૈસા કાઢીને વિકાસના કામો કર્યા હોય તેવો દેખાડો કરી રહ્યા છે.

પ્રજાને સત્તાધીશો અને વિપક્ષો લાંબો સમય સુધી મુર્ખ બનાવી શકતા નથી કારણ કે પ્રજાને હવે બધી જ ખબર પડવા માંડી છે પરંતુ અન્ય કોઈ વિકલ્પ મળતો ન હોય એટલે પ્રજા ચૂપચાપ મૂંગા મોંઢે ત્રાસ, ગંદીગાળો, હેરાનગતિ સહન કરી લે છે પરંતુ જ્યારે ઘાટ આવે ત્યારે પાઈ..પાઈનો હિસાબ વસુલાતો હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કેટલાય વિસ્તારોમાં બદલાનું રાજકારણ ગાંધીનગર સુધી પંકાયેલું છે. પરંતુ હવે તેમના દિવસો પૂરા થવાની અણી ઉપર છે અને વિકાસ કામોમાં હેરાનગતિ ઉભી કરીને પ્રજા વધુ ને વધુ પીસાય તેવા કરતૂત કરનારાઓની ફોજ પણ પ્રજાના મનમાં બરાબરની વસી ગઈ છે ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચારસંહિતા અમલી બની છે તે અગાઉ વિકાસના કામોનું લોકાર્પણ થયું છે. ભાજપના શાસનમાં બેશક સ્વીકારવું પડશે કે તમામ વિસ્તારોમાં સમતોલ વિકાસ થયો છે. જ્યારે જિલ્લા પંચાયત અને બહુમત તાલુકા પંચાયતોમાં કોંગ્રેસનું શાસન હતું આ સંજોગોમાં સ્વાભાવિક જ જશ ખાટવા માટે ભાજપ અને કોંગ્રેસની છાવણીમાં રીતસરની હોડ જામી હતી. જ્યારે સરકારમાં ભાજપના કોઈ અગ્રણીએ વિકાસના કામો માટે રજૂઆત કરી હોય અને એવા વિકાસના કામો મંજૂર થયા પછી જે તે વિભાગ દ્વારા તેમને પત્ર પાઠવવામાં આવે છે અને સામે પક્ષે કોંગ્રેસે પણ વર્ષોથી ન થયેલા વિકાસના કામો અમે કરાવ્યા..તેવી વિગતો એકત્ર કરી સોશ્યલ મીડીયામાં ફરતી કરતાં હમણાં હમણાંથી જિલ્લામાં ચૂંટણી વોર પરાકાષ્ટાએ જેવો ઘાટ ઘડાયો છે.

## બાયડ પાલિકામાં પ્રથમ દિવસે ૩૮ ફોર્મનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. સોમવારથી ઉમેદવારીપત્ર વિતરણની તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, પાલિકા અને પ્રાંત કચેરીમાં શરૂઆત થઈ છે જિલ્લામાં ઉમેદવારી ફોર્મ લેવા માટે કચેરીઓમાં ધસારો જોવા મળ્યો. બાયડ પાલિકામાં પ્રથમ દિવસે ૩૮ ફોર્મનું વિતરણ થયું છે. જો કે જિલ્લામાં એકપણ ઉમેદવારીપત્ર રજૂ થયું નથી. ભાજપ અને કોંગ્રેસ ક્યારે ઉમેદવારોના નામ જાહેર કરે છે તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે.

ઉમેદવારીપત્ર ભરવાની ક્યારે શરૂઆત થાય તેની આગોતરી રાહ જોઈ રહેલા ભાવિ ઉમેદવારોએ પોતાનો સરકારી જમીન અને મિલ્કતને લગતા લ્હેણા ભરપાઈ કર્યા છે જેના કારણે સરકારની તિજોરીને ચૂંટણીના કારણે આવકમાં બમ્પર ઉછાળો આવ્યો છે. નોટરી સહિત ઝેરોક્ષ સેન્ટરોને તડાકો પડ્યો છે. જ્યારે ઉમેદવારી ફોર્મની પણ ૫૦ રૂા.કિંમત નક્કી કરાતાં ઉમેદવારીપત્ર લેવામાં પણ કેટલાક ઉમેદવારો ગણતરી માંડતા પ્રથમ દિવસે જોવા મળ્યા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતની કુલ-૬૬ બેઠક, ૧૪ તાલુકા પંચાયતની ૩૦૦ બેઠક, મોડાસા, બાયડ, વડાલી, હિંમતનગર પાલિકાની ૧૨૦ બેઠક અને તલોદ પાલિકાની ૨ બેઠકની પેટાચૂંટણી માટે પ્રથમ દિવસે ૫૦૦ થી વધુ ફોર્મનું વિતરણ થયું છે જો કે વિભાગ પાસે સમી સાંજ સુધી માહિતી ન હતી. પરંતુ બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે પ્રથમ દિવસે જ અધધ ૩૮ ફોર્મનું વિતરણ થયું છે. કેટલાક મૂરતિયાઓએ તો સારા મૂહર્તમાં ઉમેદવારીપત્ર લેવા જવાનો નિર્ણય કર્યો છે તે જોતાં આજે અને આવતી કાલે બાયડ પાલિકા સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાંથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે હજારો ફોર્મનું વિતરણ થવાની સંભાવના છે.

**જિલ્લામાં ઉમેદવારી ફોર્મ લેવા માટે વિવિધ કચેરીઓમાં ધસારો**

## અરવલ્લીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જંગમાં ૨ દિવસમાં ૭૧૪ ફોર્મનું વિતરણ

### મોડાસા પાલિકા ૨૧૧, બાયડ પાલિકા ૮૪ ફોર્મનું વિતરણ, સ્ટેમ્પ વેન્ડરના ત્યાં નોટરી માટે ભીડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯
અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠક, ૬ તાલુકા પંચાયતની ૧૨૭ બેઠક અને બાયડ-મોડાસા પાલિકાની ૬૦ બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે ત્યારે છેલ્લા ૨ દિવસમાં ૭૧૪ ફોર્મનું વિતરણ થયાનું તંત્રએ જણાવ્યું છે. મોડાસા પાલિકામાં ૨૧૧, બાયડ પાલિકામાં ૮૪ ફોર્મનું વિતરણ થયું હતું. જે રીતે ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારી કરવા માટે ઉત્સાહ જોવા મળ્યો છે તે જોતાં બંન્ને પક્ષોના આગેવાનો મનોમન મલકાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠક માટે ૮૬, તાલુકા પંચાયતની ૧૨૭ બેઠક માટે ૩૩૩, પાલિકાની ૬૦ બેઠકો માટે કુલ-૨૯૫ ફોર્મનું વિતરણ થયું છે. ફોર્મ વિતરણ થયા પછી દાવેદારી નોંધાવવા માટે જરૂરી સોગંદનામા કરવાના હોવાથી ૧૪ તાલુકામાં નોટરીઓના ત્યાં ભીડ જોવા મળી હતી.



નવરચિત અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૫માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસે ફતેહ મેળવ્યા પછી ફરીથી પુનરાવર્તનની આશા રાખીને જંગ જીતવા તૈયારીઓ શરૂ કરી છે. જ્યારે ભાજપે લોકસભાની ચૂંટણી પછી ભાજપ તરફ મતદારોના પ્રભાવ વધતાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને પાલિકામાં ભગવો લહેરાય તેવી સંભાવના જોઈ રહ્યા છે. તા.૮ ફેબ્રુઆરીથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે ત્યારે બીજા દિવસે પણ ઉમેદવારીપત્રો ખરીદવા માટે રીતસરનો ધસારો જોવા મળ્યો. સોશ્યલ ડિસ્ટન્સ ભુલાયું છે જેના કારણે ચૂંટણી સમયે અનેક ઉમેદવારો અને કાર્યકરો કોરોનાથી સંક્રમિત બની જિલ્લામાં કેવો હાહાકાર મચાવશે તેનું ધ્યાન રાખનારાની સંખ્યા વધી છે.